BAOU Education for All
॥ चैतन्य ॥
CHAITANYA
ISSN : 2582 2802
A Refereed and Peer - Reviewed International e-Journal of Humanities and Social Sciences
by School of Humanities and Social Sciences
Dr. Babasaheb Ambedkar Open University, Ahmedabad

# દરેક નાગરિક હવે મીડિયા-કર્મી બનવા સક્ષમ : બ્લોગિંગ અને ટેક્સ્ટિંગ (SMS) સંદર્ભે

**- ડૉ. દિવ્યેશ વ્યાસ**


- **સારાંશ (Abstract) :**

માધ્યમ ક્રાંતિના આ યુગમાં આધુનિક માધ્યમો અને ઉપકરણોના વધતાં વ્યાપ વચ્ચે સામાન્ય લોકો હવે માત્ર સામાન્ય વાચકો, શ્રોતા અને દર્શકો જ નથી રહ્યા, પરંતુ માહિતી અને સમાચાર-વાહકની, પત્રકારની ભૂમિકા ભજવવા સક્ષમ બન્યા છે. પ્રત્યાયનની પરિભાષામાં વાત કરીએ તો કૉમનમેન હવે ન્યૂઝ-વ્યૂઝ-મેસેજના રિસીવર જ નથી રહ્યા, પણ સેન્ડર બનવા લાગ્યા છે. કમ્પ્યૂટર, ઇન્ટરનેટ અને સ્માર્ટફોનને લીધે પ્રત્યાયન ઝડપી અને એકદમ આસાન બન્યું છે. આજે લોકો પાસે એવાં ઉપકરણો ઉપલબ્ધ છે, જેના થકી તેઓ મીડિયાકર્મીની, પત્રકારની ભૂમિકા ભજવવા સક્ષમ બન્યા છે.

ઇન્ટરનેટ પર બ્લોગિંગ તો સોશિયલ મીડિયા પર માઇક્રો બ્લોગિંગની સુવિધાએ સામાન્ય લોકોને પોતાની વાત અને વિચારો રજૂ કરવા, કોઈ માહિતી કે સમાચારના પ્રસારણ (બ્રોડકાસ્ટ) કરવા સક્ષમ બનાવી દીધા છે. બ્લોગિંગ થકી વ્યક્તિ પોતાના સમાચાર-વિચારોને આસાનીથી પ્રસારિત કરી શકે છે.

મોબાઇલ ફોનમાં એસએમએસની સુવિધાથી આપણે લેખિત સંદેશને એક સાથે અનેક લોકો સુધી પહોંચાડી શકતા હતા, એમાંય આજે સ્માર્ટફોનમાં ઉપલબ્ધ ઇન્સ્ટન્ટ મેસેજિંગ એપ્સને કારણે લેખિત સંદેશા ઉપરાંત ઓડિયો-વિડિયોને પણ વિશ્વના કોઈ પણ ખૂણે પહોંચાડી શકીએ છીએ. બ્લોગિંગ, ટેક્સ્ટિંગ તથા સોશિયલ મીડિયા ધીમે ધીમે સમાચારોનો એક મુખ્ય સ્રોત બની ગયા છે. આધુનિક માધ્યમોને કારણે નાગરિક પત્રકારત્વ કરવાની તક અને મંચમાં વૃદ્ધિ થવા પામી છે.

સામાન્ય લોકોને માધ્યમોનું વૈવિધ્ય પ્રાપ્ત થયું છે અને તેઓ પણ પોતાની વાત રજૂ કરવા, સમસ્યા જણાવવા, પ્રશ્નો પૂછવા માટે સક્ષમ બન્યા છે. ટૂંકમાં, આધુનિક માધ્યમો અને ઉપકરણોને કારણે આજનો માનવી એક મીડિયા-કર્મીની જેટલો જ સક્ષમ બની શક્યો છે. માધ્યમોનું લોકતાંત્રિકીકરણ થવા લાગ્યું છે.

- **ચાવીરૂપ શબ્દો (Key Words) :**

પ્રત્યાયન, માધ્યમ, સમૂહ માધ્યમો, ઇન્ટરનેટ, મોબાઇલ ફોન, એસએમએસ, બ્લોગ, સોશિયલ મીડિયા, લોકશાહી, અભિવ્યક્તિ, નાગરિક પત્રકારત્વ, અભિવ્યક્તિ, મીડિયા-કર્મી, Communication, Media, Mass Media, Internet, Mobile Phone, SMS, Social Media, Democracy, Citizen Journalism, Journalist

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

- **પ્રસ્તાવનાઃ**

શ્રીમદ્ ભગવદ્ ગીતાના ત્રીજા અધ્યાય 'કર્મયોગ'માં ભગવાન શ્રીકૃષ્ણે કહ્યું છે,

**ન હિ કશ્ચિત્ક્ષણમપિ જાતુ તિષ્ઠત્યકર્મકૃત ।**

**કાર્યતે હ્યવશઃ કર્મ સર્વઃ પ્રકૃતિજૈર્ગુણૈઃ ।।5।।**

અર્થાત્, ખરેખર કોઈ પણ માણસ કદીયે ક્ષણમાત્ર પણ કર્મ કર્યા વિના નથી રહેતો, કેમકે આખાય મનુષ્યસમુદાયને પ્રકૃતિજનિત ગુણો વડે પરવશ થઈને કર્મ તો કરવું જ પડે છે. આમ, માણસ એક પણ ક્ષણ કર્મ કર્યા વિના રહી શકતો નથી. દરેક કર્મની સાથે તેની અભિવ્યક્તિ પણ જાણ્યે-અજાણ્યે થતી હોય છે અને એ રીતે દરેક કર્મ કંઈક ને કંઈ પ્રત્યાયન કરતું હોય છે. એટલે જ શ્રીકૃષ્ણના વિધાનને થોડી છૂટછાટ સાથે એ રીતે પણ કહી શકાય કે માણસ એક પણ ક્ષણ પ્રત્યાયન કર્યા વિના રહી શકતો નથી. 'વ્યક્તિ' શબ્દમાં જ ભારોભાર 'વ્યક્ત' સમાવિષ્ટ છે. વ્યક્તિ વાણી, વર્તન, હાવભાવ, શારીરિક અંગોનાં હલનચલન, લેખન, ગાયન, વાદન, ચિત્ર-શિલ્પ, નાટક, સિનેમા સહિત અનેક પ્રવૃત્તિઓ થકી સતત અભિવ્યક્ત થતો રહે છે.

પ્રત્યાયનની ઝંખનાને કારણે માનવી સંદેશા-વ્યવહારનાં એક પછી એક સાધન વિકસાવતો રહ્યો છે. આધુનિક યુગમાં માનવી પાસે પ્રત્યાયન કરવાનાં આધુનિક માધ્યમો આવ્યાં છે. સમગ્ર વિશ્વને ખરા અર્થમાં એક નાનકડા ગામડામાં ફેરવી નાખનારા ઇન્ટરનેટને કારણે આજે એવાં માધ્યમો અને ઉપકરણો વિકસ્યાં છે, જેનાથી દરેક માનવી-નાગરિક હવે માધ્યમ-કર્મી જેવો જ સંદેશા-વ્યવહારની બાબતમાં સક્ષમ બની ગયો છે. આધુનિક માધ્યમોને કારણે માનવી હવે માત્ર શ્રોતા-દર્શક કે વાંચક જ નથી રહ્યો, પરંતુ ખુદ સંદેશ આપનાર, સમાચાર આપનાર અને માહિતી ફેલાવનાર બની શક્યો છે.

- **ઉદ્દેશોઃ**

આ સંશોધન-પત્રના ઉદ્દેશો નીચે મુદ્દાસર જણાવેલા છેઃ

- આધુનિક માધ્યમો અને ઉપકરણોને કારણે સંદેશાવ્યવહારમાં વ્યક્તિગત સ્તરે કેવાં પરિવર્તન આવ્યાં છે, એ ચકાસવું અને ચર્ચા કરવી.
- આધુનિક માધ્યમોને કારણે સામાન્ય નાગરિક સમાચાર-માહિતીના પ્રસારણમાં પત્રકાર-મીડિયાકર્મી જેટલો જ સક્ષમ બન્યો છે, એ નવી સ્થિતિની સમીક્ષા કરવી.
- નાગરિક પત્રકારત્વના (Citizen Journalism) ક્ષેત્રે કેવી નવી સંભાવનાઓ અને શક્યતાઓ સર્જાઈ છે, એનો તાગ મેળવવો.
- ખાસ કરીને બ્લોગ અને ટેક્સ્ટિંગ (SMS) જેવાં માધ્યમોની મીડિયા ક્ષેત્રમાં કેવો પ્રભાવ પડ્યો છે, તે ચકાસવું.
- બ્લોગિંગ અને ટેક્સ્ટિંગ (SMS) થકી સામાન્ય લોકો પણ માહિતી અને સમાચારોનું આદાનપ્રદાન કરવા કેટલા સક્ષમ બન્યા છે, એની સમીક્ષા કરવી.

- **સાહિત્ય-સમીક્ષાઃ**

ડૉ. ચન્દ્રપ્રકાશ મિશ્રએ પોતાના પુસ્તક 'સંચાર ઔર સંચાર માધ્યમ'ની પ્રસ્તાવનામાં સાચું જ લખ્યું છે કે "સંપૂર્ણ વિશ્વ પ્રત્યાયન પર ટકેલું છે. માનવીની અભિવ્યક્તિ અને તેની પ્રસ્તુતિનું પ્રભાવશાળી રૂપ છે – સંચાર માધ્યમ." તો 'આધુનિક મીડિયા દૃષ્ટિ' નામના પુસ્તકમાં માધ્યમ નિષ્ણાત અને પ્રાધ્યાપક ડૉ. કૃષ્ણ કુમાર રત્તુ નોંધે છે કે "સંચારની કહાની માનવ ઇતિહાસ કરતાં પણ પ્રાચીન છે." વાત એકદમ સાચી છે. માનવી શબ્દો દ્વારા શાબ્દિક પ્રત્યાયન પણ નહોતો કરી શકતો ત્યારે પણ ઈશારા દ્વારા પણ પ્રત્યાયન તો કરતો જ હતો. હોમો સેપિયન્સથી માંડીને માનવ જાતિની ઉત્પત્તિ સુધીના તમામ તબક્કાઓમાં માનવીને અભિવ્યક્ત થયા વિના તો ન જ ચાલ્યું હોય ને!

પૃથ્વી પરના સૌથી બુદ્ધિશાળી સજીવ સાબિત થયેલા કાળા માથાના માનવીએ પ્રત્યાયન માટે સમયાંતરે નવાં નવાં માધ્યમો વિકસાવ્યાં છે. કહી શકાય કે માનવ જાતિએ પ્રત્યાયનનાં માધ્યમો ક્ષેત્રે ઈશારા યુગથી ઇન્ટરનેટ યુગ સુધીની એક લાંબી યાત્રા સુનિશ્ચિત કરી છે.

'રેડિયો પત્રકારિતા એવમ્ પ્રસારણ કે સિદ્ધાંત' નામના પુસ્તકની લેખિકાઓ મનીષા દ્વિવેદી તથા શશિપ્રભા શર્માએ આ પુસ્તકમાં એક નોંધનીય વાત લખી છે, "પ્રત્યાયન મનુષ્યની મૂળભૂત માનસિક જરૂરિયાત છે. આને કારણે જ પ્રત્યાયનના ક્ષેત્રમાં જ્યારે પણ કોઈ નવી શોધ થઈ, તે માનવ સભ્યતા માટે માઇલસ્ટોન પુરવાર થઈ છે. આ શોધોએ વ્યાપક ગુણાત્મક પરિવર્તનની શરૂઆત કરી છે, પછી ભલે તે ભાષાનો વિકાસ હોય, લેખનની શરૂઆત હોય કે છાપખાનાની શોધ. આ બધાંએ માનવજીવનને વ્યાપક રીતે પ્રભાવિત કર્યું છે."

ડૉ. વિજય કુલશ્રેષ્ઠ નામના માધ્મય નિષ્ણાતે 'સંચાર માધ્યમ તકનીક ઔર લેખન' નામના પોતાના પુસ્તકના પ્રારંભે જ લખેલું છે કે "આદિકાળથી જ માનવી કોઈ ને કોઈ રીતે પ્રત્યાયન કરીને વિચારો કે ભાવોને અન્ય સુધી પહોંચાડતો રહ્યો છે, પરંતુ આધુનિક યુગમાં એવાં માધ્યમો આવી ગયાં છે, જેનાથી લાખો-કરોડો લોકોને એક સાથે જ માહિતી પહોંચાડી શકાય છે."

## • સામાન્ય માનવી બન્યો મીડિયા-કર્મી જેટલો જ સક્ષમઃ

આધુનિક યુગમાં ટેક્નોલોજીના વિકાસને પરિણામે આજે આપણે સાઇબર ક્રાંતિના યુગમાં જીવી રહ્યા છીએ. આજે દરેક વ્યક્તિના હાથમાં વિશ્વવ્યાપી પ્રત્યાયન સાધી શકાય એવાં અત્યાધુનિક ઉપકરણો ઉપલબ્ધ બન્યાં છે. ઇન્ટરનેટ હવે વિશ્વના ખૂણે ખૂણે વ્યાપી ચૂક્યું છે ત્યારે નોંધવા જેવી વાત એ છે કે સામાન્ય લોકો હવે માત્ર વાંચકો અને દર્શકો જ નથી રહ્યા, પરંતુ તેઓ પણ હવે મીડિયા-કર્મી જેવી ભૂમિકા ભજવવા સક્ષમ બન્યા છે. પ્રત્યાયનની પરિભાષામાં વાત કરીએ તો કૉમનમેન હવે ન્યૂઝ-વ્યૂઝ-મેસેજના રિસીવર જ નથી રહ્યા, પણ સેન્ડર બનવા લાગ્યા છે. માહિતી - સમાચારો - વિચારો - મંતવ્યોના વહનમાં તેમની ભૂમિકા દિનબદિન વધતી જાય છે. માત્ર વ્યાવસાયિક પત્રકારો જ નહિ, સામાન્ય લોકો પણ હવે ગર્વથી કહી શકે એમ છે કે હું પણ મીડિયા-કર્મીની જેમ સમાચાર મોકલી શકું છું, રજૂ કરી શકું છું!

માનવ જાતિએ પ્રત્યાયન માટે શબ્દોથી માંડીને સ્માર્ટફોન સુધીની એક લાંબી સફર તય કરી છે અને સમયાંતરે વધુ ને વધુ આધુનિક માધ્યમો વિકસાવ્યાં છે. મુદ્રણ યંત્ર પછી તાર-ટેલિગ્રાફ, રેડિયો, ટીવી, કમ્પ્યૂટર અને ઇન્ટરનેટની યાત્રા આજે સ્માર્ટફોને આવીને અટકી છે. આંગળીથી ગુફાના પથ્થરો પર લીટા પાડીને ચિત્ર દોરતો માનવી આજે આંગળીના ટેરવે વીજળી વેગે વિશ્વવ્યાપી પ્રત્યાયન સાધી શકે છે. ઇન્ટરનેટની સુવિધા અને સ્માર્ટફોન જેવા સાધન વચ્ચેના સંગમને પરિણામે પ્રત્યાયનની પ્રક્રિયા અત્યંત ઝડપી અને એકદમ આસાન બની ચૂકી છે. આજે સામાન્ય લોકો પાસે પણ એવી સુવિધાઓ અને સાધનો સુલભ છે કે જેના થકી તેઓ ન્યૂઝ પ્રેઝન્ટર, બ્રોડકાસ્ટર, મીડિયાકર્મીની ભૂમિકા સહજતાથી નિભાવી શકે એટલા સક્ષમ બન્યા છે.

• **આધુનિક માધ્યમોએ કર્યું સશક્તિકરણઃ**

ઇન્ટરનેટ અને સ્માર્ટફોનને કારણે છેલ્લાં એક દાયકામાં સામાન્ય લોકોને પોતાની વાત તેમજ વિચારો રજૂ કરવા મોકળું મેદાન મળ્યું છે. લોકો પીસી (પર્સનલ કમ્પ્યૂટર) અને સ્માર્ટફોન પર ઇન્ટરનેટની સુવિધા વડે પોતાનાં વિચારો અને મંતવ્યોની વિશ્વવ્યાપી રજૂઆત કરવા સક્ષમ બન્યા છે. આધુનિક માધ્યમોના પ્રતાપે અભિવ્યક્તિની આઝાદીની વસંત ખીલી છે, એવું કહેવામાં અતિશયોક્તિ નથી. સામાન્ય માણસ પ્રત્યાયનની બાબતે અગાઉ ક્યારેય આટલો સ્વાવલંબી અને સક્ષમ નહોતો. આજે કોઈ પણ વ્યક્તિ પોતાની વાત વ્યાપક સમુદાય સુધી આસાનીથી રજૂ કરી શકે છે અને તેને કારણે જ અભિવ્યક્તિની આઝાદીની વસંત પૂરબહારમાં ખીલી શકી છે.

ઇન્ટરનેટને કારણે સામાન્ય લોકો સોશિયલ મીડિયા વગેરે માધ્યમો દ્વારા પોતાના સમાચાર, પોતાના વિચારો, મંતવ્યો તથા આસપાસની નવાજૂનીને જનસમુદાય સુધી પહોંચાડી શકે છે. આજે કોઈ સમાચાર અખબાર કે સમાચાર માધ્યમમાં આવે, એ પહેલાં કોઈ મિત્ર-સંબંધી દ્વારા તમારા મોબાઇલ પર તમારી સુધી પહોંચી જતાં હોય છે. આમ, કોઈ રિપોર્ટર કે પત્રકાર પહેલાં એક સામાન્ય માનવી સમાચાર-વાહકની ભૂમિકા ભજવીને ઝડપી સમાચારો પહોંચાડી રહ્યા છે.

• **સામાન્ય લોકોને સશક્ત અને સ્વાવલંબી બનાવનારાં માધ્યમોઃ**

ગાંધીજીનો ચરખો જેમ વ્યક્તિને વસ્ત્રની બાબતમાં સ્વાવલંબી બનાવતો હતો તેમજ તેને આર્થિક સક્ષમ અને આત્મનિર્ભર બનાવતો હતો, એ રીતે બ્લૉગિંગ અને ટેક્સ્ટિંગની સુવિધા આપતાં આધુનિક માધ્યમો અભિવ્યક્તિના ચરખા જેવી ભૂમિકા ભજવી રહ્યાં છે. આ માધ્યમો વ્યક્તિને પોતાના સમાચારો-વિચારો રજૂ કરવા માટે સ્વાવલંબી બનાવી રહ્યાં છે અને પોતાની અભિવ્યક્તિ માટે સક્ષમ-સજ્જ બનાવે છે.

• **બ્લૉગિંગ :**

ઇન્ટરનેટ પર આજે એવા અનેક પ્લેટફોર્મ્સ ઉપલબ્ધ છે, જે કોઈ પણ પ્રકારનો ચાર્જ લીધા વિના, કશા પણ બંધનો વિના બ્લોગ ચલાવવાની સુવિધા આપે છે. બ્લોગસ્પોટ અને વર્ડપ્રેસ જેવી કેટલીક સાઇટ્સ આ મામલે અગ્રેસર છે. ફેસબુક, ટ્વીટર, ઇન્સ્ટાગ્રામ કે વૉટ્સએપ જેવી સોશિયલ સાઇટ્સ પણ માઇક્રોબ્લૉગિંગ કરવાની તક આપતાં માધ્યમો જ છે અને એટલે તેણે અપાર લોકપ્રિયતા હાંસલ કરી છે. આજે માંધાતા આંતરરાષ્ટ્રીય સ્તરની કંપનીઓ પણ બ્લોગ ચલાવે છે તો

નેતાઓથી માંડીને અભિનેતાઓ પણ બ્લોગિંગ કરી રહ્યા છે. આ હકીકત પરથી સમજી શકાય કે બ્લોગ કઈ હદે પ્રભાવશાળી અને મહત્ત્વપૂર્ણ માધ્યમ તરીકે સ્થાપિત થયું છે.

સંદેશા-વ્યવહાર/પ્રત્યાયનના માધ્યમ તરીકે બ્લોગની વિશેષતાઓ જોઈએ તો - સરળ, સુલભ અને સસ્તું માધ્યમ છે. વીજળીવેગી ઝડપની સાથે સાથે તે વિશ્વવ્યાપી પહોંચ ધરાવે છે. વિવિધલક્ષી (મલ્ટિમીડિયા) માધ્યમ છે. તાત્કાલિક (ઇન્સ્ટન્ટ) પ્રસિદ્ધિ શક્ય બને છે, શબ્દ કે સમયની કોઈ મર્યાદા નડતી નથી, ચોવીસેય કલાક ઉપલબ્ધ, દ્વિમાર્ગી પ્રત્યાયનની સુવિધા, ટકાઉપણું અને સંગ્રહશક્તિ વગેરે તેની ઊડીને આંખે વળગે એવી વિશેષતાઓ છે. આ ઉપરાંત સૌથી મહત્ત્વપૂર્ણ વિશેષતા એ છે કે તે અભિવ્યક્તિની સંપૂર્ણ આઝાદી ઉપલબ્ધ કરાવે છે તથા તેનાથી નાગરિક પત્રકારત્વ (સિટીઝન જર્નલિઝમ) શક્ય બને છે.

તમારા બ્લોગ થકી તમે ઇચ્છો એ સમાચાર કે વિચારો વ્યાપક સમુદાય સુધી પહોંચાડી શકો છો. મારા એમફિલના અભ્યાસ અંતર્ગત એક સર્વેક્ષણ હાથ ધરેલું, જેમાં 50 બ્લોગર્સ પાસેથી પ્રશ્નાવલિના માધ્યમથી તેમના અભિપ્રાયો મેળવવામાં આવ્યા હતા. પ્રશ્નાવલિમાં એક સવાલ એવો હતો કે બ્લોગનું માધ્યમ અભિવ્યક્તિની આઝાદી માટે ઉપકારક છે, એવું તમે માનો છો? ત્યારે 94 ટકા ઉત્તરદાતાઓએ હકારમાં જવાબ આપ્યો હતો. 6 ટકા ઉત્તરદાતાના મતે સ્પષ્ટ કહી શકાય એમ નથી, પરંતુ એક પણ ઉત્તરદાતાએ અભિવ્યક્તિની આઝાદી નથી મળતી એવો સૂર વ્યક્ત કર્યો નહોતો. બીજો સવાલ પુછાયો હતો કે બ્લોગ લખવાથી તમને વ્યક્તિગત શું લાભ થયો? ત્યારે 74 ટકા ઉત્તરદાતાઓએ અભિવ્યક્તિની તક મળી, એવું સ્વીકાર્યું હતું. આમ, સામાન્ય વ્યક્તિને બ્લોગ થકી પોતાની વાત રજૂ કરવાની તક અને મંચ મળી રહ્યો છે અને આ માધ્યમ પ્રત્યાયન અને પ્રસારણની બાબતે તેમને સમૂહ માધ્યમોમાં કામ કરતા મીડિયા-કર્મી જેટલા જ સક્ષમ બનાવે છે.

- **ટેક્સ્ટિંગ (SMS) :**

મોબાઇલ ફોન આપણા રોજિંદા જીવનનો મહત્ત્વપૂર્ણ હિસ્સો બની ગયો છે. આપણું શરીરની બહાર હરતુંફરતું અંગ બની ગયું છે, એવું કહીએ તોપણ અતિશયોક્તિ નહીં ગણાય. ભારતમાં છેલ્લા આંકડા મુજબ 95.20 કરોડ મોબાઇલ વપરાશકર્તાઓ છે. મોબાઇલ ફોન એક એવું માધ્યમ છે, જેનાથી વિશ્વના કોઈ પણ ખૂણે રહેલી અન્ય વ્યક્તિ સાથે વાતચીત કરી શકાય છે, એ ઉપરાંત મોબાઇલ ફોનના પ્રારંભિક સમયથી જોડાયેલી શોર્ટ મેસેજ સર્વિસ (એસએમએસ) થકી અન્ય મોબાઇલધારક સુધી લેખિત સંદેશો પણ પાઠવી શકાય છે. ઇન્ટરનેટની સુવિધાથી સજ્જ મોબાઇલ હવે સ્માર્ટફોન બની ગયો છે, જેમાં ઇન્સ્ટન્ટ મેસેજિંગ એપ્સથી તમે લેખિત સંદેશાની સાથે તસવીરો,

વિડિયો, ઓડિયો પણ મોકલી શકો છો અને 4જીના સમયમાં વિડિયો ચેટિંગ પણ શક્ય બન્યું છે. કોઈ પ્રસંગનું લાઇવ પ્રસારણ પણ આસાન બન્યું છે.

મેં પીએચ.ડી.ના અભ્યાસ અંતર્ગત 'એસએમએસ : એક અસરકારક પ્રત્યાયન માધ્યમ' વિષય પર સંશોધન હાથ ધરેલું. મારા પીએચડીના સંશોધન દરમિયાન ગુજરાતના 1000 ઉત્તરદાતાઓમાંથી 84.4 ટકા એસએમએસનો નિયમિત ઉપયોગ કરતા હોવાનું માલુમ પડ્યું હતું. એસએમએસથી પ્રત્યાયન કરનારાઓમાંથી 85.5 ટકા લોકોએ સ્વીકાર્યું હતું કે એસએમએસથી અસરકારક રીતે માહિતીની આપ-લે થઈ શકે છે.

એસએમએસની માધ્યમ તરીકેની વિશેષતા જોઈએ તો આ એક લેખિત માધ્યમ છે, ત્વરિત અને તાત્કાલિક સંદેશાની આપ-લે કરે છે, વિશ્વવ્યાપી પહોંચ ધરાવે છે, સીધી પહોંચ ધરાવે છે, સરળ માધ્યમ છે, પોતીકું (પર્સનલ) માધ્યમ છે, સૌ માટે સરળતાથી સુલભ માધ્યમ છે, સસ્તું માધ્યમ છે. સંદેશાનો સંગ્રહ કરી શકાય છે, સમય-સંજોગોને અનુકૂળ આવે એવું છે, લાઘવ (ટૂંકું ને ટચ) પ્રત્યાયન, થ્રી ઇન વન માધ્યમ છે, અને આખરમાં આ માધ્યમ પણ અભિવ્યક્તિની આઝાદી આપતું માધ્યમ છે.

એસએમએસ પર રાષ્ટ્રવ્યાપી પ્રતિબંધ પણ આપણે જોયા છે. આયોધ્યાનો ચુકાદો હોય કે કાશ્મીરમાંથી કલમ-370 હટાવાઈ હોય કે પછી પાટિદાર આંદોલન હોય, આપણે એસએમએસ અને મોબાઇલ ઇન્ટરનેટ પર વારંવાર મુકાતા પ્રતિબંધોના સાક્ષી બન્યા છીએ. આંદોલનો, રમખાણો કે હિંસક ઘટનાઓ દરમિયાન અફવા અને દુષ્પ્રચાર અટકાવવા માટે એસએમએસ પર પ્રતિબંધ મૂકવો જરૂરી છે, એવો બચાવ કરવામાં આવે છે. આ રીતે એસએમએસ પર મુકાતા પ્રતિબંધનો વિરોધ કરનારા આને અભિવ્યક્તિની આઝાદી પર તરાપ ગણાવે છે. ઉત્તરદાતાઓને પૂછવામાં આવ્યું કે દહેશતને કારણે એસએમએસ પર લદાતો પ્રતિબંધ ખરેખર અભિવ્યક્તિની આઝાદી પર તરાપ ગણાય? એના જવાબમાં બહુમતી 29.6 સંપૂર્ણ સહમતી દર્શાવી હતી, જ્યારે 18.0 ટકા લોકો આંશિક રીતે સહમત હતા. આમ, કુલ 57.6 લોકોને એસએમએસ પર કોઈ પણ સંજોગોમાં મુકાતો પ્રતિબંધ અભિવ્યક્તિની આઝાદી પર તરાપ સમાન લાગે છે, જ્યારે સંપૂર્ણ અને આંશિક રીતે અસહમત થનારાનું કુલ પ્રમાણ 32.3 ટકાનું છે. આ મામલે તટસ્થ રહેનારાનું પ્રમાણ પર 20 ટકા જેટલું ઊંચું જોવા મળ્યું હતું.

મોબાઇલ ફોનમાં એસએમએસની સુવિધાથી આપણે લેખિત સંદેશને એક સાથે એકથી વધારે લોકો સુધી પહોંચાડી શકતા હતા. હવે તો ઇન્સ્ટન્ટ મેસેજિંગ એપ્સને કારણે તમે લેખિત સંદેશાને ખૂબ જ આસાનીથી અનેક લોકો સુધી પહોંચાડી શકો છો. એસએમએસ-વોટ્સએપ જેવા માધ્યમોએ ટેક્સ્ટ મેસેજની આપ-લેને આસાન બનાવી છે.

આજે વૉટ્સએપનો સૂરજ સોળે કળાએ ખીલી રહ્યો છે, છતાં અધિકૃત પ્રત્યાયન (ઓથેન્ટિક કમ્યૂનિકેશન) માટે તો એસએમએસનો જ આધાર રાખવામાં આવી રહ્યો છે. શિક્ષણ સંસ્થા હોય, સરકારી તંત્રો હોય કે સેવા-કંપનીઓ તેઓ એસએમએસને વધારે પસંદ કરે છે. સરકારના વિભાગોથી માંડીને કોર્પોરેટ કંપનીઓ હવે એસએમએસનો ઉપયોગ મોટા પાયે કરી રહી છે.

SMS અને વૉટ્સએપને કારણે લોકો જ કોઈ સમાચારને-સંદેશને વાઇરલ કરી શકવા સક્ષમ બન્યા છે.

- **સમૂહ માધ્યમો પર બ્લૉગિંગ-ટેક્સ્ટિંગનો પ્રભાવ :**

આજે ભાગ્યે જ કોઈ અખબાર, સામયિક, ન્યૂઝ ચેનલ કે ન્યૂઝ પોર્ટલ (વેબસાઇટ) હશે, જેમાં સોશિયલ મીડિયા પર શું ચાલી રહ્યું છે, તેનો અલાયદો વિભાગ ન હોય. સોશિયલ મીડિયા હવે સમાચારોનો મુખ્ય સ્રોત બનતું જાય છે. સામાન્ય વ્યક્તિના સંદેશા, ટ્વીટ કે પોસ્ટ પણ વાઇરલ થઈ જતાં તેનો પ્રભાવ અત્યંત વધી જાય છે અને પરંપરાગત માધ્યમોએ પણ એની નોંધ લેવી પડે છે. આ માધ્યમોના લોકતાંત્રીકરણની જ પ્રક્રિયાને આગળ વધારે છે. હવે સામાન્ય વ્યક્તિ પોતે પોતાના સમાચારો-વિચારો રજૂ કરવા માટે સક્ષમ બન્યો છે અને મુખ્ય ધારાના માધ્યમોનો ઓશિયાળો રહ્યો નથી ત્યારે માધ્યમોનું લોકતાંત્રીકરણ થવા માંડ્યું છે. આજે કોઈ ઘટનાનો સામાન્ય વ્યક્તિ દ્વારા બનાવાયેલો વિડિયો ટીવી ન્યૂઝ ચેનલોને ઉપયોગી સામગ્રી રૂપ બની રહે છે. સામાન્ય નાગરિક સમાચારનો મહત્ત્વપૂર્ણ સ્રોત બની ગયો છે. અનેક વિસ્તારોમાં લોકો હવે પોતાની સમસ્યાની રજૂઆત આ આધુનિક માધ્યમો થકી કરે છે અને તેની અસર સરકાર અને સંબંધિત તંત્ર પણ જોવા મળી રહી છે. ઉના દલિત કાંડ હોય કે ગ્રીષ્મા વેકરિયા હત્યાકાંડ, સોશિયલ મીડિયાને કારણે જ આ ઘટનાઓના ઘેરા પ્રતિભાવ પડ્યા હતા, તે આપણે તાજેતરના ભૂતકાળમાં જોયું છે.

આધુનિક માધ્યમોને કારણે સામાન્ય નાગરિકો માટે પત્રકારત્વ કરવું, નાગરિક પત્રકારત્વને આગળ વધારવાનું એકદમ આસાન બની ગયું છે. અનેક પત્રકારો માધ્યમમાં કામ કરવાની સાથે સાથે પોતાનાં વ્યક્તિગત અનુભવો અને અનુભૂતિઓ કે વિચારોને વ્યક્ત કરવા માટે બ્લોગ તથા સોશિયલ મીડિયાનો ઉપયોગ કરતાં જોવા મળે છે.

- **ઉપસંહાર :**

સામાન્ય લોકો પાસે માધ્યમોનું વૈવિધ્ય છે અને તેઓ પણ પોતાની વાત રજૂ કરવા, સમસ્યા જણાવવા, પ્રશ્નો પૂછવા માટે સક્ષમ બન્યા છે ત્યારે માહિતી-સમાચારો પરનાં સ્થાપિત હિતોનાં નિયંત્રણો અપ્રસ્તુત બનતા જાય છે. લોકો હવે જાતે જ સમાચારો-વિચારો રજૂ કરવા લાગ્યા છે ત્યારે સમૂહ માધ્યમો તેમની અવગણના કરી શકે એમ નથી.

ટેક્સ્ટિંગ અને બ્લોગિંગને કારણે સ્થાપિત માધ્યમો વધારે લોકતાંત્રિક બન્યા છે. વાચકોના પત્રો ભલે નામશેષ થયા હોય છતાં રસપ્રદ સંદેશાઓ, રમૂજી-ધારદાર અભિપ્રાયો, વાઇરલ વિડિયોઝ વગેરેને અખબારો-ટીવી ચેનલ્સ અને ન્યૂઝ પોર્ટલ્સ પર માનભેર સ્થાન મળી રહ્યું છે.

અલબત્ત, ટેક્સ્ટિંગ અને બ્લોગિંગમાં વ્યક્ત થતી માહિતી અને સંદેશાઓ સ્વકેન્દ્રી વધારે હોય છે. વ્યાપક સમુદાય સુધી પોતાની આજુબાજુની ઘટનાઓ-બાબતો અંગે ઘણું ઓછું લખાય છે એટલે તેના થકી ખરા અર્થમાં નાગરિક પત્રકારત્વ હજું જોઈએ એવું ખીલ્યું નથી. હા, લોકોને પોતાનાં મત-મંતવ્ય અને વિચારોને  રજૂ કરવાનું મોકળું મેદાન જરૂર મળ્યું છે, જે લોકશાહી વ્યવસ્થા અને માહોલ માટે જરૂરી બન્યું છે.

મુખ્ય ધારાના માધ્યમોને પણ ચેલેન્જ આપનારા આ નવા માધ્યમો લોકશાહી માહોલને વધારે મજબૂત બનાવે, એવી આશા રાખીએ.

- સંદર્ભઃ


- શ્રીમદ્ ભગવદ્ ગીતાઃ શ્લોકના અર્થ સાથે, પૃ. 66, ગીતા પ્રેસ, ગોરખપુર, પહેલી આવૃત્તિ, 2001
- મિશ્ર, ડૉ. ચન્દ્રપ્રકાશ; 'સંચાર ઔર સંચાર માધ્યમ', સંજય પ્રકાશન, દિલ્હી, બીજી આવૃત્તિ (સંશોધિત અને પરિવૃદ્ધિત), 2006
- રત્તૂ, ડૉ. કૃષ્ણકુમાર; આધુનિક મીડિયા દૃષ્ટિ, બુક એનક્લેવ, જયપુર, પ્રથમ આવૃત્તિ, 2005
- દ્વિવેદી, મનીષા, શર્મા, શશિપ્રભા; 'રેડિયો પત્રકારિતા એવમ્ પ્રસારણ કે સિદ્ધાંત', હરિઓમ પ્રકાશન, નવી દિલ્હી
- કુલશ્રેષ્ઠ, ડૉ. વિજય; સંચાર માધ્યમ તકનીક ઔર લેખન, શ્યામ પ્રકાશન, જયપુર-302003, પ્રથમ આવૃત્તિ – 2006
- વ્યાસ, દિવ્યેશ; 'અભિવ્યક્તિની આઝાદી અને ગુજરાતી બ્લોગવિશ્વ' (ગૂજરાત વિદ્યાપીઠમાં એમફિલના અભ્યાસ અંતર્ગત લખેલો મહાશોધનિબંધ), વર્ષ - 2010
- વ્યાસ, દિવ્યેશ; 'એસએમએસ : એક અસરકારક પ્રત્યાયન માધ્યમ' (ગૂજરાત વિદ્યાપીઠમાં પીએચ.ડી.ના અભ્યાસ અંતર્ગત લખેલો મહાશોધનિબંધ), વર્ષ – 2015



**ડૉ. દિવ્યેશ વ્યાસ**

આસિસ્ટન્ટ પ્રોફેસર, જર્નલિઝમ એન્ડ માસ કમ્યૂનિકેશન

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ

**ઈ-મેઇલઃ** **divyesh.vyas**@baou.edu.in અને **divyeshvyas.amd**@gmail.com

**સંપર્ક :** 9898032101